# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-03-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## બોર્ડની પરીક્ષા અને પેપર ચકાસણી :

હાલમાં ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. કચ્છમાં અત્યાર સુધી કોઇ કોપીકેસ સામે અવ્યો નથી. મહત્વના પેપરો લેવાઇ જતા વિદ્યાર્થીઓએ પણ રાહત અનુભવી છે. આ વચ્ચે હાલમાં સીસીટીવી કંટ્રોલ રૂમમાં ક્લાસરૂમના ફૂટેજ ચેક કરવામાં આવી રહ્યા છે. આ વચ્ચે આગામી 19 માર્ચથી બોર્ડ પરીક્ષાના પેપરોની ચકાસણી શરૂ કરવામાં આવશે. કચ્છમાં કુલ 14 મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે શાળાઓને હોલ ટીકીટ આપવામાં આવી ત્યારે જ ચકાસણી માટે શિક્ષકોને નિમણુંક પત્ર આપી દેવામાં આવ્યા હતા. જિલ્લામાં ધોરણ 10ના પેપર ચેકીંગ માટે 8 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહના પેપર ચકાસણી માટે 6 મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો નક્કી રવામાં આવ્યા છે. શિક્ષકોના ઓર્ડર થઇ ગયા છે. 19 તારીખથી અહીં પેપરોની તપાસ શરૂ થશે.

--------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સીટીમાં રાષ્ટ્રીય સેમીનાર :

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગ અને અખિલ ભારતીય ઇતિહાસ સંકલન સમિતિ, ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે 7 માર્ચના રોજ એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો. આ સેમિનારનો વિષય 'સરદાર વલ્લભભાઈ પટેલનું આત્મનિર્ભર ભારત, સામાજિક ન્યાય, જાતિગત સમાનતા અને ખેડૂતોના અધિકારો માટેનું

વિઝન' રાખવામાં આવ્યો હતો, જેને રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાનના સહયોગથી આયોજિત કરાયો હતો.

રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ત્રિકમભાઈ છાંગાએ મુખ્ય મહેમાન તરીકે સેમિનારનું ઉદ્ઘાટન કરી સરદાર પટેલના અખંડ ભારતના નિર્માણમાં પ્રદાનને બિરદાવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ પુસ્તક ‘ભુજ તાલુકાની સાંસ્કૃતિક વિવિધતા’નું વિમોચન કરવામાં આવ્યું હતું.  આ સેમિનારમાં  વિવિધ યુનિવર્સિટીના 170 શોધાર્થીઓએ ભાગ લીધો હતો.

------------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં ડ્રગ ફ્રી ઇન્ડિયા  સેમીનાર:

ગાંધીધામ ચેમ્બર અને નેશનલ એકેડમી ઓફ કસ્ટમ, ઈન્ડાયરેક ટેક્સ અને નાર્કોટિક્સના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં 'ડ્રગ ફ્રી ઈન્ડિયા' જાગૃતિ સેમિનાર યોજાયો હતો. ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડ અને માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું કે, 2047ના વિકસિત ભારતના નિર્માણ માટે યુવાધનને નશાના દૂષણથી બચાવવું અનિવાર્ય છે. ડ્રગ્સનું નેટવર્ક માત્ર સ્વાસ્થ્ય જ નહીં, પરંતુ દેશની સુરક્ષા અને અર્થતંત્ર માટે પણ ગંભીર પડકાર છે.

પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારે યુવાનોને સકારાત્મક જીવનશૈલી અપનાવવા અપીલ કરી હતી.

------------------------------------------------------------------------------------

## અંજારમાં સ્વદેશી મેળો :

અંજાર નગરપાલિકા દ્વારા આયોજિત સ્વદેશી મેળાને શહેરીજનોનો વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. 'લોકલ ફોર વોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવા ટાઉનહોલ પટાંગણમાં 10 દિવસીય શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરાયું છે. જેમાં અજરખ સાડી, હર્બલ પ્રોડક્ટ્સ અને ગૃહ ઉદ્યોગની વસ્તુઓના 57 સ્ટોલ કાર્યરત છે.

રાજ્યમંત્રી ત્રિકમભાઈ બી. છાંગા, પ્રમુખ વૈભવભાઈ કોડરાણી અને ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરિયાએ નાગરિકોને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહિત કરવા અનુરોધ કર્યો છે. પ્રોજેક્ટ મેનેજર ભારતીબેન બારોટના જણાવ્યા મુજબ, વેપારીઓને તમામ સુવિધાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી છે, જેથી નાના ઉત્પાદકો આર્થિક રીતે પગભર બની શકે.

---------------------------------------------------------------------------------

## હાજીપીર માર્ગ નવીનીકરણ :

કચ્છ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા બુરકલથી હાજીપીર સુધીના 5 કિલોમીટર લાંબા માર્ગના નવીનીકરણનું ખાતમુહૂર્ત ધારાસભ્ય કેશુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ નવો માર્ગ બનવાથી હાજીપીર આવતા પ્રવાસીઓ માટે છારીઢંઢ, નખત્રાણા અને ધોળાવીરા તરફ જવાનું સરળ બનશે. ધારાસભ્યએ જણાવ્યું કે, આ વિકાસકાર્યથી છેવાડાના વિસ્તારો પ્રવાસન અને મુખ્ય મથકો સાથે સીધા જોડાશે, જેનાથી સ્થાનિક જનતાને મોટા પાયે પરિવહન સુવિધા પ્રાપ્ત થશે.

---------------------------------------------------------------------------------

## માંડવીમાં સેવાસેતુ કાર્યક્રમ :

માંડવી ખાતે આગામી 13 માર્ચના નગરપાલીકા કચેરી ખાતે વોર્ડ નંબર એકથી 5ના નાગરિકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષિ રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે શહેરી કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમો અગિયારમો તબક્કો યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં મામલતદાર કચેરી, નગરપાલિકા, પીજીવીસીએલ, સીટી સર્વે, સિવિલ હોસ્પિટલ રાજ્ય માર્ગ પરિવહન નિગમ તથા ગુજરાત સરકારની વિવિધ કચેરીને લગતા પ્રશ્નો સવારે 10થી 1 વાગ્યા સુધીમાં અરદારે લેખિત રજૂ કરવાના રહેશે તેવું નગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------

## લખપતની આંગણવાડીઓનું નવીનીકરણ :

કચ્છના સરહદી લખપત તાલુકામાં બાળકો અને માતાઓના સ્વાસ્થ્ય તેમજ શિક્ષણના સ્તરને સુધારવા વહીવટી તંત્ર દ્વારા વિશેષ અભિયાન હાથ ધરાયું છે. DDO અને પ્રોગ્રામ ઓફિસરના માર્ગદર્શન હેઠળ ICDS ઘટક-લખપતની આંગણવાડીઓના નવીનીકરણની કામગીરી વેગવંતી બની છે.

તંત્ર દ્વારા કુલ ૧૭ આંગણવાડી કેન્દ્રોમાં મેજર રિપેરીંગ સાથે તેને આધુનિક ઓપ અપાયો છે. આ ઉપરાંત, સ્વચ્છતાને પ્રાધાન્ય આપી ૧૨ કેન્દ્રોમાં શૌચાલય બ્લોકનું નવીનીકરણ અને અન્ય ૩૫ કેન્દ્રોમાં મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

---

## હવામાન :

હોળી પછી રાજ્યમાં ગરમીનો પારો ઉચકાયો છે. છેલ્લા બે દિવસથી તાપમાનમાં સતત વધારો થતા જનજીવન પ્રભાવિત થયું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર જિલ્લામાં ખાસ કરીને કંડલા, મુંદ્રા અને માંડવી જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૩ માર્ચ સુધી ગરમ અને ભેજવાળા પવનો ફૂંકાવાની શક્યતા છે. આ ભેજને કારણે લોકોને ભારે બફારો અને અકળામણ અનુભવાશે. આજે બપોરના સમયે આકરા તાપને કારણે બજારોમાં પણ પાંખી હાજરી જોવા મળી હતી. બીજી બાજુ રાજ્યના સૌથી ઠંડા મથકોની યાદીમાં 16 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા મોખરે રહ્યું છે.

---